# ઋષભની શોભા હું શી કહું ?

મૂલ રચના : શ્રી ચિરંતનાચાર્ય

પદ્યાનુવાદ : પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના શિષ્ય
મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ

પ્રકાશક : શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# ઋષભની શોભા
# હું શી કહું ?

મૂલ રચના : શ્રી ચિરંતનાચાર્ય

પદ્યાનુવાદ : પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના શિષ્ય
મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ

પ્રકાશક : શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રકાશક / પ્રાપ્તિસ્થાન :**

શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા
C/o. જિતેન્દ્ર કાપડીયા
૧૨-બી, સત્તર તાલુકા સોસાયટી,
પો. નવજીવન, અમદાવાદ-૧૪.

દ્વિતીય આવૃત્તિ

પ્રત : ૧૦૦૦

મૂલ્ય : ૬-૦૦

પ્રથમગાન : દેવકીનંદન જૈન સંઘ-અમદાવાદ.
વિ.સં. ૨૦૫૯, આસો મહિનો.

: મુદ્રક :
કિરીટ ગ્રાફીક્સ
(૦૭૯) ૫૩૫૨૬૦૨



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

॥ નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે ॥

## સ્તવના પહેલાં થોડી વાત

પ્રાચીન મુનિવરે ઋષભદેવ ભગવાનના જીવનને કેન્દ્રમાં રાખીને એક નવા દૃષ્ટિકોણથી સ્તવના કરી છે પ્રાકૃતમાં તેની પહેલી ગાથા આપણે ત્યાં રોજ દહેરાસરમાં ભણાવવામાં આવતા સ્નાત્રમાં સાંભળવા મળે છે. તેજ ક્રમમાં



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૪

આખી સ્તવના આગળ ચાલે છે. એક પછી એક ચિત્ર આપણી સામે આવે છે. અને આપણે ભગવાન ઋષભદેવના જીવનને અહોભાવસભર વિસ્મયથી વંદન કરીએ છીએ.

પગથિયાના ઉપાશ્રયના હસ્તલિખિત જ્ઞાનભંડારની એક પાનાની પ્રતમાંથી આ સ્તવના આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિમહારાજને મળી.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓએ સંપાદિત કરીને **અનુસંધાન** નામનાં ત્રૈમાસિકમાં મોકલાવી અને તેમાં પ્રકાશિત થઇ. અને નવાડીસામાં ચાર્તુમાસ વિરાજમાન વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રીધુરન્ધરવિજયજી મહારાજના જોવામાં આવી. આવી કાવ્યરસથી છલકતી સ્તવના જોઇ-ગાઇ તેમને તેને ગુજરાતીમાં ઉતારવાની ઇચ્છા થઇ. સ્વયં પોતે સુજ્ઞકવિ છે. સંસ્કૃતમાં સેંકડો શ્લોકો રચ્યા



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૬

છે ગુજરાતીમાં પણ તેઓની કલમ સડસડાટ ચાલે છે. અને તેઓએ સરવાણી વહાવી. રચના તૈયાર થઇ ગઇ સુંદર બની જોતાં વેંત ગમી ગઇ એટલું જ નહીં ગાવાનું મન થઇ આવ્યું. અને તેને પ્રકાશિત કરવામાં આવી. નાની પુસ્તિકા રૂપે જોઇને મુંબઇના એક ઋષભાનુરાગી બહેને તો ૫૦૦ ચોપડી મંગાવી લીધી.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી બીજી આવૃત્તિ કરવાનો અવસર આવ્યો આ વખતે ઋષભદેવભગવાન નું એક પ્રસિદ્ધ ચૈત્યવંદન ઉમેરવામાં આવ્યું છે. આશા છે કે આ રચના સંઘમાં વધુને વધુ પ્રચાર પામશે. અનેકના કંઠ તેનું મધુર સ્વરે ગાન કરશે.

- પ્રકાશક



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## आदिनाथ वंदना

बालत्तणिंमि सामिय,
सुमेरुसिहरंमि कणयकलसेहिं ।
तिअसासुरेहिं न्हविओ,
ते धन्ना जेहिं दिट्ठो सि ॥ १ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૧

જે જન્મસમયે મેરૂગિરિની સ્વર્ણરંગી ટોચ પર,
લઈ જઈ તમોને દેવને દાનવગણો ભાવે સભર;
કોડો કનક કળશો વડે કરતા મહા અભિષેક ને,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૧

૧

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

१०

तिअसिंदकयविवाहो,
देवी सुमंगला सुनंदाए ।
नवकंकणो सि सामिअ,
ते धन्ना जेहिं दिट्ठोसि ॥ २ ॥

१०

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧

સોહામણી સુમંગલાને વળી સુનંદા સાથમાં,
ચતુરાઈથી ચોરી રચી ઈન્દ્રે કરેલ વિવાહમાં;
મીંઢોળબંધા વર બની શોભી રહ્યા'તા જે સમે,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૨

૧૧

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

१२

रायाभिसेयकाले,
विणीयनगरीइ तिअसलोगंमि ।
न्हविओ मिहुणनरेहिं,
ते धन्ना जेहिं दिट्ठोसि ॥ ३ ॥

१२

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩

નગરી વિનીતામાં સુરો રાજ્યાભિષેક રૂડો કરે,
થાપે તમોને સ્વર્ણના સિંહાસને તે અવસરે;
વિનયી યુગલિયા માત્ર અંગૂઠે કરે અભિષેકને,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૩

૧૩

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

दाणं दाऊण पुणो,
रज्जं चइऊण जगगुरू पढमो ।
निक्खमणमहिमकाले,
ते धन्ना जेहिं दिट्ठोसि ॥ ४ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૫

દઈ દાન સંવત્સર લગી દારિદ્રય જગનું સંહર્યું,
ને જગતગુરૂ તે વિશ્વનું સામ્રાજ્ય પળમાં પરહર્યું;
સંસારથી નિષ્ક્રમણ કેરો પ્રથમ ભવ્ય પ્રસંગ તે,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૪

૧૫

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

सिबिअविमाणारूढो,

जईआ तं नाह दिक्खसमयंमि ।

पत्तो सिद्धत्थवणं,

ते धन्ना जेहिं दिट्ठोसि ॥ ५ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭

રે દેવ-દેવેન્દ્રો નરેન્દ્રોએ વહન જેને કરી,
થઈ દિવ્ય શિબિકારૂઢ ચાલ્યા સમય સંયમનો કળી;
સિદ્ધાર્થ વનમાં સર્વત્યાગ કરી રહ્યા'તા જે સમે,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૫

૧૭

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

१८

काऊण य चउमुट्ठिं,

लोयं भयवं पि सक्कवयणेणं ।

वाससहस्सं विहरइ,

ते धन्ना जेहिं दिट्ठोसि ॥ ६ ॥

१८

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧

ત્યાં લોચની વેળા વચન જે ઈન્દ્ર દેવે ઉચ્ચર્યા,
તેથી કર્યો ચઉમુષ્ટિ લોચ પછી મહાવ્રત આદર્યા;
ને વર્ષ એક સહસ્ર કીધો નિત્ય પાદ વિહારને,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૬

૧૧

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

रंजंतो वणराई,

कंचणवन्नेण नाह देहेण ।

धन्नाइं मयकुलाइं,

ते धन्ना जेहिं दिट्ठोसि ॥ ७ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૨૧

કાયા તમારી કનકવરણી, તેજ પુંજ વિખેરતી,
વનરાઇ પૂર્ણ વિહારપથની તેથી રંગાઇ જતી;
તે દૃશ્યના સાક્ષી મૃગોના વૃંદ પણ અતિ ધન્ય છે,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૭

૨૧

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

नमिविनमी रायाणो,

तह पयपउमंमि नाहमल्लीणा ।

पत्ता वंछियरिद्धिं,

ते धन्ना जेहिं दिट्ठोसि ॥ ८ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૨૩

બે ભાઈ નમિ ને વિનમિએ તુજ ચરણ રૂપી પદ્મમાં,
થઈ લીન કીધી સેવના કેવી ગજબ વન ભોમમાં;
કે સર્વ વાંછિત રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થઈ'તી એમને,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૮

૨૩

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

गयपुर सेयंसराइणो,

पढमदिन्नपारणाए ।

इक्खुरसं विहरंतो,

ते धन्ना जेहिं दिट्ठोसि ॥ १ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૨૫

સોહામણું તે હસ્તિનાપુર નગર પહેલા પારણે,
જ્યાં આપ જઈ ઊભા હતા, શ્રેયાંસનૃપને બારણે;
વહોર્યો હતો ત્યાં ઈક્ષુરસ કરયુગલ લંબાવી તમે,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૯

૨૫

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

अध्धतेरसकोडीओ,

मुक्का सुरवरेहिं तुम्हे( ट्ठे )हिं ।

उक्कोसा वसुहारा,

ते धन्ना जेहिं दिट्ठोसि ॥ १० ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૨૭

અવસર્પિણીના પ્રથમ એ ભિક્ષાગ્રહણનાં અવસરે,
થઈ હરખ ઘેલા દેવગણ ઉત્કૃષ્ટ વસુધારા કરે;
થઈ સાડી બાર કરોડ સોનૈયાની વૃષ્ટિ આંગણે,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૧૦

૨૭

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

छट्ठट्ठमदसमदुवालसेहिं,

मासद्धमासखमणेहिं ।

उग्गं तवं तवंतो,

ते धन्ना जेहिं दिट्ठोसि ॥ ११ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૨૧

છદ્મસ્થ કાળે છઠ્ઠ અઠ્ઠમ દશમ દ્વાદશ ભક્તને,.
પન્નર વળી માસક્ષમણના ઉગ્ર તપ આચારને;
પ્રભુ નિત્ય કરતા'તા ઉમંગે આપ વારંવાર જે,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૧૧

૨૧

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

लंबंतबाहुज्जु( जु )यलो,

निच्चलकाओ पसन्नचित्तमणो ।

धम्मज्झाणंमि ठिओ,

ते धन्ना जेहिं दिट्ठोसि ॥ १२ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૩૧

એકાંતમાં જ્યારે તમે બે હાથને લાંબા કરી,
કાયા કરી થિર ચિત્તને મન સુપ્રસન્નપણે ધરી;
નિષ્કંપ કાર્યોત્સર્ગમાં - ધરતા ધરમના ધ્યાનને,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૧૨

૩૧

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

तह पुरिमतालनयरे,

नग्गोहदुमस्स संठिओ हिट्ठा ।

केवलमहिमा गहिओ,

ते धन्ना जेहिं दिट्ठोसि ॥ १३ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૩૩

રૂડી અહો તે પુરિમતાલ - પુરી અયોધ્યાનું પરૂં,
રૂડો હજારો વર્ષથી તે વિસ્તરેલો વટતરૂ;
જ્યાં ધ્યાનની ધૂણી ધખાવી વર્યા કેવળજ્ઞાનને,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૧૩

૩૩

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

पउमेसु ठविअचलणो,
बोहंतो भविअकमलसंडाइं ।
सामिअ तेच्चिअ धन्ना,
ते धन्ना जेहिं दिट्ठोसि ॥ १४ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૩૫

નવ કનક કમળે પાય ઠવતાં વિચરતાં પૃથ્વીતળે,
તું ભવ્ય રૂપી કમળ વનને ખીલવે પ્રવચનબળે;
તુજ દેશનાથી જે થયા પ્રતિબુદ્ધ તે અતિ ધન્ય છે,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૧૪

૩૫

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

तिअसासुरमज्झगओ,

कंचणपीढंमि संठिओ नाह ! ।

धम्मं वागरमाणो,

ते धन्ना जेहिं दिट्ठोसि ॥ १५ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

હે ત્રાણ ભુવનના નાથ બેસી સ્વર્ણના સિંહાસને,
સુર અસુર કેરી પર્ષદાથી વીંટળાઈ તે ક્ષણે;
દેતા અપૂરવ ધર્મ કેરી દેશનાને આપ જે;
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૧૫



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ते धन्ना कयपुन्ना,

जेहिं जिणो वंदिओ तया काले ।

केवल( ल्ल? )नाणसमये,

ते धन्ना जेहिं दिट्ठोसि ॥ १६ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૩૧

જે વંદનીય બન્યા નિરંતર દેવતાના વૃન્દથી,
કૈવલ્ય પામ્યા બાદ તેવા નાથને બહુ ભાવથી;
જેણે કર્યાં વંદન અહો તે ધન્ય છે કૃત્યપુણ્ય છે
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૧૬

૩૧

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

धन्नेहिं तुमं दीससि,

नविअ अहन्नेहिं अकयपुन्नेहिं ।

तुह दंसणरहियाणं,

निरत्थयं माणुसं जम्म ॥ १७ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૪૧

જે ધન્ય છે તેનેજ તારું દિવ્યદર્શન સાંપડે,
રે પુણ્યહીન અભાગિયાની નજરમાં તું ના પડે;
તેનો જનમ નિષ્ફળ ગયો જેણે નિહાળ્યો ના તને,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૧૭

૪૧

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

मिच्छत्ततिमिरवामोहिअंमि,

जयनाह तिहुअणे सयले ।

उम्मीलीऊण नयणे,

ते धन्ना जेहिं दिट्ठोसि ॥ १८ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૪૩

મિથ્યાત્વ કેરૂં ઘોર અંધારું છવાયું વિશ્વમાં,
વ્યામૂઢ થયું ત્રણ ભુવન પૂરૂં મોહના અતિજોશમાં;
હે ત્રણ ભુવનના નાથ ખોલી મોહ ઘેલી આંખને,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૧૮

૪૩

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

अट्ठावयंमि सेले,

चउदसभत्तेण मुक्खमणुपत्तो ।

दसहि सहस्सेहि समं,

ते धन्ना जेहिं दिट्ठोसि ॥ ११ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૪૫

રજતાદ્રિના શિખરે બની આરૂઢ પર્યંકાસને,
દસ સહસ મુનિવર વૃંદ સાથે તું લહ્યો નિર્વાણને;
પચખાણ ચઉદશ ભકતનું પચખ્યું હતું સહુએ તમે,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૧૯

૪૫

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

इअचवण-जम्म-निक्खमण-

नाण-निव्वाणकालसमयंमि ।

( भत्तिब्भर निब्भरेहिं, )

ते धन्ना जेहिं दिट्ठो सि ॥ २० ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તુજ ચ્યવન, જન્મ, વ્રતગ્રહણ કૈવલ્ય મુક્તિ અવસરે,

જે દેવતાઓ પંચ કલ્યાણક તણા ઓચ્છવ કરે;

તેમાં ભળી ઉરના ઉછળતા ભક્તિ ભાવે આર્દ્ર થૈ,

ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૨૦



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

दढ-मूढ-अयाणेण,

( भत्तिए संथुओ सया भयवं ।)

तं कुणसु नाभिनंदण !,

पुणो वि जिणसासणे बोहीं ( हिं )।२१।



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

અતિમૂઢ ને અજ્ઞાનથી પરિપૂર્ણ છું તોયે વિભો!
બહુ ભક્તિભાવે આપની સ્તવના કરી છે મેં પ્રભો!;
તો ત્રિજગવંદન નાભિનંદન એટલી કરજો હવે
કરૂણા તમારું દિવ્યશાસન પ્રાપ્ત થાય ભવોભવે. ૨૧



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૫૦

અજ્ઞાત કવિવર કો ઋષિએ અવનવા ભાવે ભરી
પ્રાકૃત ગિરામાં આદિજિનની રસીલી સ્તવના કરી;
**પ્રદ્યુમ્નસૂરિએ** કોક પ્રાચીન પત્રથી એ ઉદ્ધર્યું,
તેનું **ધુરંધરવિજયજીએ** ગાન હરિગીતે કર્યું. ૨૨

૫૦

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# पादपूर्तिरूपा श्री ऋषभजिन स्तुतिः ।

**(द्रुतविलम्बित वृत्तम्)**

कृतजगज्जनमङ्गल शर्मणे,
त्रिभुवनार्चित पाद सरोरुहे ।
प्रथमराड्-मुनि-तीर्थकराय ते,
भगवते ऋषभाय नमो नमः ॥ १ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

५२

भवति नैव यदङ्घ्रिपयोजयो-
विरचिता प्रणतिर्विफला कदा ।
नृपति नाभि कुलाऽऽभरणाय ते,
भगवते ऋषभाय नमो नमः ॥ २ ॥

५२

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

५३

कचभरो हि निजांसलुठन् हरे-
र्विनतितः खलु येन न लुञ्चितः ।
विनतवत्सलतादि गुणाय ते,
भगवते ऋषभाय नमो नमः ॥ ३ ॥

५३

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

५४

विनमिना नमिना च निरन्तरं,
यदनघाङ्घ्रियुगं समुपासितं ।
सकल कामित काम घटाय ते,
भगवते ऋषभाय नमो नमः ॥ ४ ॥

५४

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

व[८]सुर्नि[९]धि प्रमित स्वकनन्दनान्
'कुरुत सङ्गर' मित्थमुपादिशत् ।
सकलसत्त्वहिताय जिनाय ते,
भगवते ऋषभाय नमो नमः ॥ ५ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

स्वसुत बाहुबलिं तनयामुखाद्,
'गजत उत्तर वीर' वचस्त्विदम् ।
प्रहितवान् भगवान् य इनाय ते,
भगवते ऋषभाय नमो नमः ॥ ६ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

समसहस्त्र तप श्चरणार्जितं,
विमल केवल रत्नमुपाहरत् ।
स्वजननीकरयो र्य उपांशु ते,
भगवते ऋषभाय नमो नमः ॥ ७ ॥



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

५८

भविकलोकचकोरहिमांशवे,
दुरितसन्तमसौघ खरांशवे ।
शमवते भवतेऽनुपमाय ते !,
भगवते ऋषभाय नमो नमः ॥ ८ ॥

५८

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

इति मया गुरुदेव-पदाम्बुज-
भ्रमर हेमसुधाकर-सूरिणा ।
प्रथम तीर्थपतिः स्तुतिगोचरो,
विहित ईप्सितदानसुरद्रुमः ॥ ९ ॥

५९

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## અષ્ટકની પૂર્વ ભૂમિકા

શ્રી ઋષભદેવ ભગવાનનું જીવન ચરિત્ર ખૂબ મનોહારિ છે.

તેને કેન્દ્રમાં રાખી અગણિત સ્તુતિ, સ્તોત્ર, સ્તવનો સંસ્કૃતમાં રચયા છે.

તેવો એક શ્લોક પ્રાચીન હસ્ત પ્રતના પાનામાં જોવામાં આવ્યો તે આ પ્રમાણે છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

त्रिभुवननाभयदान विधायिने,

त्रिभुवनाद्‌भुत वाञ्छित दायिने ।

त्रिभुवन प्रभुता पदशालिने,

भगवते वृषभाय नमो नमः ॥

આ સુંદર ચિત્તાકર્ષક શ્લોક જોઈને પૂજ્ય આ. ભ. શ્રી વિજય હેમચંદ્રસૂરિ મહારાજને સ્ફુરણા થઈ અને છેલ્લું ચરણ પાદપૂર્તિ



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તરીકે રાખીને અષ્ટકની રચના તેઓએ કરી દીધી.

રચના પ્રાસાદિક અને પ્રાંજલ બની છે.

તે અષ્ટક પણ ભગવાન શ્રી ઋષભદેવ પ્રત્યે ભક્તિ પ્રકટ કરનારું થાઓ.

● ■ ●



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી ઋષભદેવ ભગવાનનું ચૈત્યવંદન

કલ્પવૃક્ષની છાંયડી નાનડીયો રમતો
સોવન હિંડોળે હિંચતો, માતાને મનગમતો. ૧.

સૌ દેવી બાળક થઈ, ઋષભજીને તેડે
વહાલા લાગો છો પ્રભુ, હૈડા શું ભીડે. ૨.

અનુક્રમે યૌવન પામીયા, ભાવે શું ભગવાન
ઈન્દ્રે ઘાલ્યો માંડવો, વિવાહનો મંડાણ. ૩.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ચોરી બાંધી ચિહું દીસે, સુરગોરી ગીતે ગાવે,
સુનંદા - સુમંગલા, પ્રભુજીને પરણાવે. ૪.

સર્વ સંગ છોડી કરી, પામ્યા કેવળજ્ઞાન,
અષ્ટકર્મનો ક્ષય કરી, પહોંચ્યા શિવપુર ધામ. ૫.

ભરતે બિંબ ભરાવીયાએ, શત્રુંજય ગિરિરાય
શ્રી વિજયપ્રભસૂરિતણા, ઉદયરત્ન ગુણ ગાય. ૬.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org